| GJJN110007652024 | | રજુ તારીખ : | 08 | 11 | 2024 |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ : | 08 | 11 | 2024 |
| | | ફેસલ તારીખ : | 29 | 04 | 2026 |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 01 | 05 | 21 |
| | સત્યમેવ जयते | **આંક : ૨૮.** | | | |

---

**મહેરબાન ભેસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ભેસાણ.**

---

**ફોજદારી કેસ નં.૬૦૩/૨૦૨૪.**

**ફરીયાદી :–** શ્રી સરકાર...
(ભેસાણ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૩૦૦૭૨૪૦૨૩૭)

**–:: વિરૂધ્ધ ::–**

**આરોપી :–** **(૧).** રામો ઉર્ફે પેટારો દેવાયતભાઈ મોરી,
ઉ.વ.૩૭, રહે.પંચેશ્વર મહાદેવ મંદીર પાસે, જુનાગઢ.

**(૨).** ડાયા નાથાભાઈ કોડીયાતર,
ઉ.વ.૩૨, રહે.ગાંધીગ્રામ, સીટીબસ કોલોની, જુનાગઢ.

---

**ગુનો :–** ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ),૯૮(૨),૮૧ મુજબ.

---

ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એમ.એચ.સિંધી.
આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એસ.આર.ડોડીયા.

---

**ઠ રા વ**

**(૧).** ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીઓએ તારીખ : ૧૭/૦૬/૨૦૨૪ ના રોજ કલાક ૧૩:૦૦ વાગ્યે છોડવડી ગામે પોતાના કબજા ની સેન્ટ્રો ફોરવીલ કાર નં.જી.જે.૧૧કે.એ.૬૮૯૯ માં ગેરકાયદેસર રીતે દેશી દારૂના બાચકા નંગ–૯ જેમાં બુગીયા નંગ–૫૦, જેમાં દારૂ લીટર–૨૫૦, કિંમત રૂા.૫,૦૦૦/– નો પ્રોહીબીશન મુદ્દામાલ રાખી ઉપરોકત આરોપીઓ રેઈડ દરમ્યાન પકડાઈ જઈ તેમજ ચાર્જશીટના કોલમ નં.૨ માં જણાવેલ આરોપી રાજુ હીરાભાઈ

કોડીયાતર હાજર નહી મળી આવી તેમજ આરોપીઓએ હાલના ગુનામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોવાની હકીકતેની ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાનું ચાર્જશીટ કરી અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨). ત્યારબાદ, આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા, આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ આરોપીઓને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે અને ત્યારબાદ ઉપરોકત ગુના અંગે આરોપીઓ સામે આંક–૬ થી તહોમતનામુ ઘડી, આંક–૭ તથા આંક–૮ થી પ્લી લેવામાં આવેલ છે, જેમા આરોપીઓએ સદર ગુનો કર્યાનો ઈન્કાર કરતા, તેઓ સામેની કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩). આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે :–

**(૩.૧). મૌખિક પુરાવો :–**

| **ક્રમ** | **સાહેદ** | **મૌખિક પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | મોબીનભાઈ અલીભાઈ કારવાની જુબાની. | ૧૪ |
| ૨. | પંચ સાહેદ | કાનાભાઈ જેન્તીભાઈ મારૂની જુબાની. | ૧૬ |
| ૩. | ફરીયાદી | ચેતનસિંહ જગુભાઈ સોલંકીની જુબાની. | ૧૮ |
| ૪. | ત.ક.અધિકારી | સંજયભાઈ નાનાભાઈ વાણીયાની જુબાની. | ૨૧ |

**(૩.૨). દસ્તાવેજી પુરાવો :–**

| **અનુ નં.** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | રેઈડ દરમ્યાનનુ પંચનામું. | ૧૫ |
| ૨. | ફરીયાદ. | ૧૯ |
| ૩. | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ તેની પહોંચ. | ૨૨ |

(૪). ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરતા, જેથી ફરીયાદ પક્ષ તરફે વિશેષ પુરાવો નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ લગત આરોપી નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષની તમામ હકીકતોને નકારી કાઢેલ છે અને તેઓ નિર્દોષ હોવાની અને તેઓની ઉપર ખોટો કેસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, તેઓએ પોતે સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા નથી તેમજ બચાવના સાહેદો તપાસવા માંગતા નથી, તેવી હકીકત જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપીના વિધ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫). આ કામે વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલોમાં જણાવેલ છે કે,તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં, ધી ગુજરાત પ્રોહીબીશન એકટ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે અને આ કામે ફરીયાદ પક્ષના સાહેદોની જુબાની જોતાં, આરોપી વિરૂધ્ધના ગુનાના તત્વો પુરવાર કરવામાં પ્રોસીકયુસન સફળ રહેલ છે જે નહીં માનવાને કોઈ કારણ નથી અને આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ છે. ફરીયાદ પક્ષના પોલીસ સાહેદની આરોપીના વિ.વકીલશ્રી તરફે વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. પરંતુ, તેમાં તેઓ કોઈ વિરૂધ્ધની હકીકત કઢાવી શકેલ નથી. માત્ર પંચ સાહેદ ફરી જવાથી કેસના ગુણદોષ ઉપર કોઈ નકારાત્મક અસર થતી નથી.પંચનામામાં પંચો તેઓની સહી કબુલ રાખેલ છે. આરોપી પાસેથી દેશી દારૂ મળી આવેલાનું સાહેદની જુબાનીથી પુરવાર થાય છે. વધુમાં, ગુજરાત રાજયમાં દારૂબંધી હોઈ, જેથી આરોપીને આવા સમાજ વિરોધી ગુનામાં તકસીરવાન ઠરાવી સમાજમાં દાખલો બેસે તે હેતુથી સખત કેદની સજા કરવા વિનંતી કરેલ છે.

(૫.૧). આ કામે બચાવપક્ષે, આરોપીના વિધ્વાન વકીલશ્રીએ દલીલો કરી જણાવેલ છે કે, ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો, આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની જોગવાઈ મુજબનો ગુનો પુરવાર થતો નથી.રેઈડ કર્યા અંગે પંચનામુ કરવામાં આવેલ છે, પરંતુ પંચ સાહેદોની જુબાની ધ્યાને લેતા પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જેથી આરોપી પાસે થી મુદ્દામાલ કબજે કરેલ હોવાની કોઈ હકીકત માની શકાય તેમ નથી. વધુમાં,આ કામે ફરીયાદપક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી અને જે સાહેદોને તપાસવામાં આવેલ છે તે પોલીસ સાહેદ છે અને જયારે રેઈડ કર્યાનુ પંચનામું પુરવાર થયેલ ન હોઈ તો માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીને આક્ષેપીત ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૬). સદરહું કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: <u>મુદ્દા</u> ::-**

**મુદ્દા નં.૧. :** શું ફરીયાદ પક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૭/૦૬/૨૦૨૪ ના રોજ કલાક ૧૩:૦૦ વાગ્યે છોડવડી ગામે પોતાના કબજાની સેન્ટ્રો ફોરવીલ કાર નં.જી.જે.૧૧ કે.એ.૬૮૯૯ માં ગેરકાયદેસર રીતે દેશી દારૂના બાચકા નંગ-૯ જેમાં બુગીયા નંગ-૫૦, જેમાં દારૂ લીટર-૨૫૦,કિંમત રૂા.૫,૦૦૦ નો પ્રોહીબીશન મુદ્દામાલ રાખી ઉપરોકત આરોપીઓ રેઈડ દરમ્યાન પકડાઈ જઈ તેમજ ચાર્જશીટના કોલમ નં.૨ માં જણાવેલ આરોપી રાજુ હીરાભાઈ કોડીયાતર હાજર નહી મળી આવી તેમજ આરોપીઓ એ હાલના ગુનામાં એકબીજાને મદદગારી કરી પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ),૯૮(૨),૮૧ મુજબનો ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨. :** શું હુકમ ?

(૭). ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). નકારમાં.

(૨). આખરી હુકમ મુજબ.

## <u>નિર્ણય માટેના કારણો</u>

**<u>મુદ્દા નં.૧</u> :-**

(૮). આ કામે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષે સાંભળવામાં આવેલ દલીલોનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ આંક-૧૫ વાળા રેઈડ કર્યા અંગેના પંચનામા બાબતે આંક-૧૪ થી પંચ સાહેદ મોબીનભાઈ અલીભાઈ કારવા ને તથા આંક-૧૬ થી પંચ સાહેદ કાનાભાઈ જેન્તીભાઈ મારૂને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક-૧૫ થી રજુ પંચનામામાં પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહીકર્યાની હકીકત જણાવે છે અને સદર પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. આમ સદરહું બંન્ને પંચ સાહેદોએ આંક-૧૫ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. ત્યારબાદ, બંન્ને પંચ સાહેદોની આરોપીઓના વિધ્વાન વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જેમાં સદર પંચ સાહેદો એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલી, તે સિવાય પંચનામાની વિગતે તેઓ કંઈ જાણતા નથી. આમ,સદરહું કામે આંક-૧૫ થી રજુ થયેલ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા ના જે પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તેમણે માત્ર પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરી છે તે સિવાય તેઓને પંચનામાની વિગતની કાંઈ ખબર નથી. જેથી આ કામે આંક-૧૫ વાળુ પંચનામું પુરવાર થતું નથી. તેવા સંજોગોમાં ***નામદાર ગુજરાત હાઈકોર્ટના જીવાભાઈ ટી. વસાવા વિ. સ્ટેટના ૨૦૦૪(૧) જી.એલ.આર. ૪૬૦ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,*** *None of the Panch Witnesses have supported the case of the prosecution and the contents of recovery panchnama have also not been proved by Investigation Officer. In such a situation, recovery panchanama cannot be read in evidence.*

(૯). ફરીયાદપક્ષે ફરીયાદી ચેતનભાઈ જગુભાઈ સોલંકીને આંક–૧૮ થી તેમજ તપાસ કરનાર અમલદાર સંજયભાઈ નાનુભાઈ વાણીયાને આંક–૨૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓનો સોગંધ ઉપરનો પુરાવો ઘ્યાને લેતાં, તા.૧૭/૬/૨૦૨૪ ના રોજ ફરીયાદી ચેતનસીંહ તથા હિતેષભાઈ જીતેશભાઈ મારૂ તથા એએસઆઈ નિકુંલ પટેલ પેટ્રોલીંગમાં હતા ત્યારે મળેલ બાતમીના આધારે પ્રાથમિક પંચનામુ કરી બિલખાથી ભેસાણ તરફ વોચમાં હતા ત્યારે બિલખા તરફથી એક ગાડી સેન્ટ્રો કાર નંબર જી.જે.૦૧.કે.એ.૬૮૯૯ ની આવતા ગાડી ચાલકે ગાડી રોકી નહી જેથી પીછો કરી છોડવડી ગામ પાસે ગાડી ઉભી રાખતા બંને આરોપીઓ ના નામ પુછતા, રામો ઉર્ફે પેટારો દેવાયતભાઈ મોરી તથા ડાયા નાથાભાઈ કોડીયાતર હોવાનુ જણાવેલ. સદરહુ ગાડીમાં ૯ નંગ બાચકા જેમાં બુગીયા નંગ ૫૦, લીટર– ૨૫૦, કિંમત રૂા.૫,૦૦૦/– પંચનામાની વિગતે કબજે કરી ગાડી પણ કબજે કરેલ. આ ગુનાની ફરીયાદ ચેતનસીંહ જગુભા સોલંકીએ આપેલી. જે અસલ ફરીયાદ તેઓને બતાવતા તે ઓળખીબતાવતા અસલ ફરીયાદ આ કામે આંક–૧૯ થી રજુ થયેલ છે.જયારે તપાસ કરનાર અમલદારનો પુરાવો ઘ્યાને લેતાં ઉપરોકત તપાસના કારણો મળતા તેઓએ તપાસ સંભાળેલી. સાહેદોના નિવેદનો નોંધેલા તેમજ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ તેની પહોંચ આંક– ૨૨ થી રજુ રાખેલ છે. આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો હોય, તેઓએ ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે. સદર કામે ઉપરોકત સાહેદ બચાવ પક્ષની ઉલટતપાસમા ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, વાહનની માલીકી અંગેના કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી તેમજ પંચો સ્થાનિક પંચ હતા નહી. વઘુમાં, કબુલ રાખેલ છે કે બનાવ રોડ ઉપર બનેલો અને આ રોડ વાહનો તથા માણસોની અવર જવરવાળો રસ્તો છે. વઘુમાં તપાસ કરનાર અમલદાર તેમની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે તપાસના કામે તેઓએ પોલીસ સાહેદ સીવાય બીજા કોઈ સાહેદોના નિવેદનો નોંધેલ નથી.

(૧૦). આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં, આ કામના આરોપીઓ બનાવ સમયે અને સ્થળે પ્રોહીબીશન મુદ્દામાલ રાખી પકડાઈ ગયેલ હતા ત્યારે તેવા સંજોગોમાં જે જગ્યાએથી દેશી દારૂ મળી આવેલ હતો તે જગ્યા તેમજ મુદ્દામાલ દેશી દારૂ આરોપી ઓની માલીકી, કબજા હેઠળનો હતો તથા તે સ્થળ ઉપર આરોપીઓની બનાવ સમયે હાજરી હતી તે હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની રહે છે. પરંતુ, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, કહેવાતી બનાવવાળી જગ્યાએથી આરોપીના કબજામાંથી દેશી પીવા નો દારૂ મળી આવેલ હતો તેમજ આ મુદ્દામાલ મોટર કાર આરોપીની માલીકીની હતી તેવું સાબિત કરી શકે તેવા કોઈ સ્વતંત્ર અને માનવાલાયક આધાર પુરાવા આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ નથી. આ કામે ફરીયાદપક્ષ તરફથી કહેવાતો પકડાયેલો દેશી દારૂ આરોપીના કબજામાંથી મળી આવેલ, તેવું પુરવાર કરવા માટે આંક-૧૫ થી રજુ થયેલા પંચનામા ઉપર આધાર રાખવામાં આવેલ છે. પરંતુ, આ પંચનામાના પંચ સાહેદનો આંક-૧૪ અને આંક-૧૬ નો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓ આંક-૧૫ વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતાં નથી અને પોલીસે તેઓની તૈયાર પંચનામા ઉપર સહી લીધેલાની હકીકત જણાવેલ છે. આ હકીકત ધ્યાને લેતા આંક-૧૫ વાળુ પંચનામું પંચોની હાજરીમાં અને પંચ સાહેદના લખાવ્યા મુજબ પોલીસે લખેલ હોય તેવી કોઈ હકીકત સાબીત થતી નથી. જેથી આંક-૧૫ વાળું પંચનામું પુરવાર થતું નથી. આ સંજોગોમાં કહેવાતો પકડાયેલો દેશી દારૂ આરોપીનો હતો કે કેમ તથા તે આરોપીઓના કબજા માંથી મળી આવેલ હતો તેવું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફથી બીજા કોઈ સ્વતંત્ર સાહેદ તપાસવામાં આવેલ નથી અને તે અંગેનો કોઈ લેખીત આધાર પણ રજુ કરવામાં આવેલ નથી. આમ, આરોપીઓ પાસેથી કોઈ દેશી દારૂ કબજે કરવામાં આવેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી.ત્યારે તેવા સંજોગોમાં કહેવાતો પોલીસે કબજે લીધેલો પીવાનો દેશી દારૂનો પ્રોહીબીશન મુદ્દામાલ આરોપીની જ માલીકીનો હતો કે કેમ ? તે હકીકત પુરવાર થતી નથી. વધુમાં, આ કામે તપાસ કરનાર અમલદાર સાહેદે પોલીસ સિવાયના તટસ્થ સાહેદોના નિવેદનો લીધા નથી તથા

કહેવાતો મુદ્દામાલ જે મોટર કાર માંથી મળી આવેલ તે મોટર કાર આરોપીઓની માલીકી કબજા હેઠળની હતી કે કેમ તે બાબતના કોઈ આધાર પુરાવા રજુ કરવામાં આવેલ નથી. તેમજ કહેવાતો મુદ્દામાલ દેશી દારૂ હતો કે કેમ તે લગતના કોઈ આધાર પુરાવા આ કામે રજુ થયેલ નથી. જેથી આ કામે તપાસ કરનાર અમલદાર શ્રીએ અનુમાન આધારે આરોપી સામે ચાર્જશીટ કરેલ હોવાનું જણાઈ આવે છે. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના સાહેદોની જુબાની શંકા ઉપજાવે છે. આમ, સમગ્ર ચર્ચાને અંતે આરોપીને સદર ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો જણાઈ આવતો ન હોય, આરોપીઓ સામેનો ગુનો ફરીયાદ પક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરી શકેલ નથી.

(૧૧). વધુમાં, સદર કામે ફરીયાદ પક્ષ તરફે તટસ્થ અને સ્વતંત્ર એવા પંચ સાહેદો સિવાય અન્ય કોઈ તટસ્થ સાહેદોને આ કામે તપાસવામાં આવેલા નથી અને પંચ સાહેદે પંચનામાની કે ફરીયાદની હકીકતને સમર્થન આપેલ નથી. જે હકીકતો ઘ્યાને લેતાં તથા ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ઘ્યાને લેતાં, આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ થયેલ નથી.

(૧૨). વધુમાં, ***નામદાર સર્વોચ્ચ અદાલતના વિરસિંઘ વિ.સ્ટેટ ઓફ યુ.પી., ((2014) 2 SCC 455)*** Cri. Appeal No.256-257 of 2009 ના પેરા નંબર–૧૭ મા કરવામાં આવેલ અવલોકન ઘ્યાને લઈએ તો, કેસમાં કેટલા સાહેદો તપાસેલ છે તે મહત્વનું હોતુ નથી, પરંતુ તે સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા (કવોલીટી) મહત્વની બની રહે છે.આમ, ઉપરોકત ચુકાદાની હકીકત સાથે હાલના કેસની કાર્યવાહી ઘ્યાને લેતાં, તથા રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ઘ્યાને લેતાં, આ કામના આરોપીઓ એ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. જેથી ઉપરોકત સમગ્ર ચર્ચાને અંતે આરોપીઓને તેની સામેના ગુના સાથે સાંકળતો કોઈ સબળ પુરાવો, જણાઈ આવતો ન હોઈ, તેથી આરોપીઓ સામેના ગુનાનું તહોમત ફરીયાદ પક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરી શકેલ ન હોઈ, જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકાર માં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧). આ કામના આરોપી નં.(૧). રામો ઉર્ફે પેટારો દેવાયતભાઈ મોરી, ઉ.વ.૩૭, રહે.પંચેશ્વર મહાદેવ મંદીર પાસે, જુનાગઢ તથા નં.(૨). ડાયા નાથાભાઈ કોડીયાતર, ઉ.વ.૩૨, રહે.ગાંધીગ્રામ, સીટીબસ કોલોની, જુનાગઢને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) મુજબ તેઓની સામેના ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આ કામે ચાર્જશીટની કોલમ નં.૨ ધ્યાને લેતાં, આરોપી રાજુભાઈ હિરાભાઈ કોડીયાતર નાસતા ફરતા બતાવેલ હોય તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી બાકી પડતી હોય જેથી આ કામે કબજે કરવામાં આવેલ પ્રોહીબીશન દેશી દારૂના મુદ્દામાલ તેમજ કબજે કરવામાં આવેલ મુદામાલ મોટરકાર સબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩). આ કામે આરોપીએ અગાઉ આપેલા જામીન તથા જાતમુચરકો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૨૯ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૯/૦૪/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ભેસાણ.
(કોડ નંબર–જીજે ૦૧૩૯૧)